શ્રી પરમાત્મને નમઃ

શાન્ત કરૂણ અને અદ્‌ભુત રસથી ભરપુર.

લો. મા. તીલકનો દિગ્વીજય

અને

હિન્દ પ્રત્યે ચુકાદો.

પ્રયોજક

કવિ જયસિંહ દયારામ બ્રહ્મભટ્ટ—મહેસાણા.

તથા

હરીલાલ વ્રજલાલ કવી બ્રહ્મભટ્ટ—વિજાપુર.

પ્રકાશકઃ—હરીલાલ વ્રજલાલ કવી બ્રહ્મભટ્ટ.

ઠે૦ ૫૧૨ અબદુલરહેમાનસ્ટ્રીટ, ત્રાંબાકાંટા પહેલે માલે મુંબઇ.

આવૃત્તિ ૧ લી (સર્વ હક્ક સ્વાધીન) પ્રત. ૨૦૦૦.

સંવત ૧૯૭૬] કીંમત ૦-૫-૬. [સને ૧૯૨૦.

Printed by R. H. Patel at Shri Krishna P. Press, Anantwadi, BOMBAY 2.



टिळक.

DIED. 1-8-1920.

प्र० मेघजी हीरजी बुकसेलर, पायधुनी, मुंबई

લોકમાન્યના સુક્ષ્માત્માને

અર્પણ પત્રિકા.

હરીગીત છંદ.

"સમ્બન્ધ કોઇ પુર્વના, અવતારનો સાચો હશે,
"તેથી કરી જયસિંહ કવિએ, સ્નેહ કેરા થઈ વશે.
"હે લોક માન્ય સ્વિકારજો, આ કાવ્ય રચના જે કહી,
"અર્પણ કરેલી આપના તે, સુક્ષ્મ આત્માને સહી.

પ્રકાશક.

વિષય સુચના.

ૐ

સો. મા. ના દિગ્વીજય

અને

હિન્દ પ્રત્યે ચુકાદો.

શાર્દુલ વિક્રિડિત છંદ.

" વંદૂ વિશ્વપતી વિશુધ્ધ મનથી વિશ્વંભરં વ્યાપકં,
" વાણી વેદ વિષે વિશેષ મહિમા સૃષ્ટિતણા સ્થાપકં.
" વેગે વિઘ્ન વિદારનાર વસમા વ્હાલા વિભૂ વૈભવી,
" ત્રાતા છો ભવ સિંધુ ભવ્યતરણી દાતા વિભુતી નવી.

ઇન્દ્ર સભા.

દોહરા.

ઓગણિસો છોતેરનો, પુરૂષોત્તમ પ્રખ્યાત
કૃષ્ણ પક્ષ એકમ તિથી, શનિવાર મધરાત
ધ્વજા સિંહના ચંદ્રની, ચઢાવવાને કાજ
ઇન્દ્ર સભા થઈ એકઠી, અમરનગરમાં આજ

ઇન્દ્ર—(નારદજીને આવતા જોઇ) અભિવંદન કરૂં છું. ૠષિરાજ!

નારદ—જય થાઓ. કલ્યાણ થાઓ. હે અમરાધિપતી! ઇન્દ્ર આજે તો તમો કાંઇ વિચારમય દેખાઓ છો. કેમ? ખરૂં છે ને.

ઇન્દ્ર—પ્રભુ! આપ સર્વજ્ઞ, સર્વગતીવાળા છો. એટલે મારા વિચારને જાણી શકો તેમ છે. મુનીરાજ! અત્રે મળેલી સભાનું કાર્ય ભ્રમણામાં પડયું છે. તેનો રસ્તો જણાવવા કૃપા કરશો.

નારદ—હે દેવાધિપ! આ કવખતે સભા ભરવાની શું જરૂર હતી?

ઇન્દ્ર—ૠષિરાજ! મ્હને સ્વપ્નામાં કોઇ દેવીએ કહ્યું કે.

દોહરા.

થોડીવાર પ્હેલાં મને, સ્વપ્ન થયું અદભૂત.
કહ્યું એમ કો દેવિએ, સૂતો કેમ સપૂત.
તું વિચાર કરતો હતો, પર્મ તેજ છે પર્વ.
ચોઘડીયું ચૂકીશ નહિ, સફળ થશે તુજ સર્વ.

આ પ્રમાણે સાંભળવામાં આવ્યું. જાગૃત થયો કે તુરત સભા ભરેલી છે.

નારદ—આ સ્વપ્નામાં કાંઇ વિચારવા જેવું છેજ નહિં. ધીરજ ધરો રહેજમાં હું તમોને રસ્તો બતાવી આપું છું.

ઇન્દ્ર—મહારાજ! રસ્તો જાણનાર પંથ સહેલાઇથી કાપી શકે છે. પણ અજાણ્યો તો ગુંચવાયજ. તેવી રીતે આપના મનમાં તો કાંઇજ નથી પણ મને તો મહાન વિચાર થઇ રહ્યો

છે. સિંહસ્થની ધ્વજા ચડાવરાવવા માટે અગ્રમાન્ય કોને કરવો એમ સંકલ્પ વિકલ્પ મનમાં કર્યા કરૂં છું.

નારદ—રાજા ઇન્દ્ર! આવું કાર્ય કરવું તે વિચાર કરીનેજ કરવું યોગ્ય છે ધ્વજા જશ રેખાવાળાના હસ્તે ચડાવરાવવી તે અત્યુત્તમ છે.

ઇન્દ્ર—હે કૃપાળુ! મને જણાવશો કે દેવોમાં કયા સ્વાર્થ રહિત પરોપકારી છે કારણ કે સુજશની રેખા પરોપકારીના કર કમળમાં જગમગે છે.

નારદ—હે સ્વર્ગપતી ઇન્દ્ર! તમારૂ કહેવું વ્યાજબી છે. અને તે સ્તુતીપાત્ર છે. હું અત્યંત પ્રસન્ન થયો છું. સાંભળો જેમ અંક સાથે મીડું મળવાથી અંકની દશગણી સંખ્યા વધતી જાય છે તેમ હું તમોને નવડા જેવો વધતો જતો સમ અંક બતાવું.

ઇન્દ્ર—આશ્ચર્ય જેવું છે નારદ મુની! આપે નવડાનેજ સમ અંક શી રીતે માન્યો.

નારદ—સાંભળો! જેમકે ૯×૧=૯ ૯×૨=૧૮ એટલે ૮+૧=૯ ૯×૩=૨૭ એટલે ૭+૨=૯ ૯×૪=૩૬ એટલે ૬+૩=૯ આ પ્રમાણે ગમે તે અંક સાથે ગુણવાથી આવેલા છેવટના અંકોને મેળવતાં નવડો સ્વરૂપ બદલાતો નથી.

ઇન્દ્ર—વાહ નારદ મુની ! આપની અગમ બુદ્ધીની શું પ્રશંશા કરવી ! કહો જોઇએ આપના જણાવ્યા પ્રમાણે બુદ્ધીશાળી, જશવાન એવો કોણ અગ્રમાન્ય છે ?

નારદ—હે દેવાધિપતી ઇન્દ્ર ! દેવોમાં નહિં એવો નર લોકમાંનો મહાન પ્રતાપી, જશનો સ્થંભ, આર્યાવર્તનો કોહીનુર અને જે નવડા જેવો ટેકીલો તે લોક માન્ય બાળગંગાધર તિલક.

ઇન્દ્ર—મહારાજ ! મૃત્યુ લોકના હસ્તે ધ્વજા ચડાવરાવવી તે તમે ઉચીત સમજો છો.

નારદ—અરે હે દેવપતી ! આવા ધર્મિષ્ટ પ્રશંશાપાત્ર નર માન્વને અત્રે તેડાવી દેવ-માન્ય કરી ધ્વજા તેઓના હસ્તે ચડાવરાવશો તો તમારા આવા સુકૃત્યથી સર્વ દેવો તેમજ અખંડાનંદ પ્રભુ ! આપની પ્રસંશા કરશે.

ઇન્દ્ર—રૂષિરાજ ! આપના મત પ્રમાણે હું હમણાંજ મૃત્યુ લોકમાં મ્હારી નગરી સમાન મુંબાઇ નગરીમાં મ્હારા ગ્રહ સમાન સરદાર ગૃહમાં આમંત્રણ સહ વૈમાન રવાને કરૂં છું.

નારદ—કલ્યાણ થાઓ ! (સ્વાગત લો. મા. તિલકના આગમનથી તેઓનું અત્રે ઇન્દ્ર રોકાણ કરશે અને તેથી આર્યાવર્તમાં તેઓના વિરહનો ભારે કલ્પાંત થશે. શ્રી હરિને ચીંતા મ્હને શું ભક્તોનું દુઃખ તેજ નીવારણ કરે છે તો તેજ આ ચીંતા દૂર કરશે) હે દેવાધિપતી ? (નારાયણ નારાયણ કરતા

નારદ જાય છે) ઇન્દ્રે નારદના જવા પછી વૈમાન રવાને કરવાનું કહી સભા વિસર્જન કરે-છે.

લો૦ મા૦ની સમાધી.

મૃત્યુ લોક-મુંબાઇ નગરીમાં સરદાર ગૃહમાં લો. મા. તિલક પોતાના દેશભકતોને ઉપદેશ કરી રહ્યા છે. પોતાને સ્વર્ગ મુસાફરી કરવાની છે એટલે બાકી રહેલા પોતાના દેશના કાર્યો માટે પોતાના બંધુઓને ભલામણ કરી રહ્યા છે. જેમ બને તેમ ત્વરિત આવી રહેલું કાર્ય હુંજ પુર્ણ કરીશ તેવું સમજાવી રહ્યા છે. વખત ઘણોજ નજદીક આવવાથી જવાની ઉતાવળમાં પણ એક મીનીટ વખત લઇ બંધુઓને મંત્ર આપ્યો. મ્હારા વ્હાલા દેશી બંધુઓ, આપણી ભારત ભુમીમાં પેદા થઇ ગએલા નર રત્નોના કાર્યનું અનુકરણ કરજો. તેઓના ગુણ ગાવા કરતાં અનુકરણ કરવાથી ત્હમારૂ શ્રેય જલદી થશે તેઓના કાર્યની સરખામણીમાં ઉતરશો તો ત્હમો ત્હમારૂ જીવન અમર કરતા જશો. આ મ્હારો "સજીવન મંત્ર" ત્હમારા હૃદયમાં ઠસાવી રાખજો. (આ પ્રમાણે બોધ આપી પોતાનું મન એક સ્થીર કરી સમાધીસ્થ થયા.)

કવ્વાલી.

"સમાધી જોગથી સાધી"

"સભા થઇ ઇંદ્રની જ્યારે, તિલક વિજ્ઞાનિએ ત્યારે;
"અખંડાનંદની ભારે, સમાધી જોગથી સાધી.
"પવન રોકયોજ તે વારે, ચડાવ્યો ઉર્ધ્વગતિ દ્વારે;
"પરિબ્રહ્મ રંધ્રમાં પ્યારે, સમાધી જોગથી સાધી.
"જુઓ પદ્માસને રાજે, જતી જેવા છડા સાજે;
"અચાનક દેહમાં આજે, સમાધી જોગથી સાધી.
"ઠરી બેઠેલ ઠેકાણે, મજા તે બ્રહ્મની માણે;
"જણાતો ધુર્જટી[1] જાણે, સમાધી જોગથી સાધી.
"પુરંદર[2] પુષ્પ વરસાવે, ઉછળતું દ્રવ્ય બહુ આવે;
"સ્વભાવે સ્વર્ગના ભાવે, સમાધી જોગથી સાધી.

દોહરા.

આમંત્રણ ઇન્દ્રે કર્યું, મોકલિયું વૈમાન;
તિલક સિધાવ્યા સ્વર્ગમાં, કરવા તિરથ મહાન.
"વિજય ધ્વજા ફરકાવવા, તિલક હિન્દને કામ;
"કાયમ નામ કરાવવા, ગયા ઇન્દ્રને ગામ.

૧–શંકર.

૨–ઇન્દ્ર.

લો૦ મા૦ની સ્વર્ગયાત્રા.

લોકમાન્ય તિલકનો આત્મા સ્વર્ગયાત્રાએ સિધાવ્યાથી તેમના દેહને અગ્નીસંસ્કાર કરવા લાખો માણસો તેમના શરીરને પાલખીમાં લઇ હિન્દના મહાન નેતાઓ પોતાની કાંધ ઉપર પાલખી ઉંચકી સમુદ્રતીરે લઇ ગયા, અજ્ઞાન દ્રષ્ટીએ જોનાર, અરેરે! તિલક મરી ગયા. અરેરે! શું થશે. એવા ઉચ્ચાર કરતા હતા તે તેઓનું અજ્ઞાન છે. કેમકેઃ-

હરીગીત છંદ.

" આબાદ કરવા નામ નિજ વળી કામ હિન્દુસ્થાનને,
" પુરૂષાર્થથી પરમાર્થથી તજી મોહ મિથ્યા માનને;
" ઓ હિન્દબંધુઓ તમો માનો અમરછે નવમર્યા
" નરરત્ન માળાના સુમેરૂ તિલક સ્વર્ગે સંચર્યા
" નિરભય મહા સુરવીર ધીર ગંભીર બુદ્ધિ નિધાન તે,
" ગુણવાન જ્ઞાન મહાન વળિ ધરનાર દેશ ગુમાન તે;
" કસિ કમર જનહિત સમરમાં જઇ અમર કિરતીને વર્યા,
" નરરત્ન માળાના સુમેરૂ તિલક સ્વર્ગે સંચર્યા.
" જેનો જગતમાં જશ નથી તે અમર પણ મરવા સમો,
" લઇ સુજશને સ્વર્ગે ગયો, તે અમર છે જાણો તમો;

" ભલપણુ તણા ભંડાર ભારત, ભુમીમાં અવિચળ ભર્યા,
" નરરત્ન માળાના સુમેરૂ તિલક સ્વર્ગે સંચર્યા.
" યાત્રા કરી તે દેશભકત જરૂર અહિંઆં આવશે,
" જોશો તમો નજરો નજર નરરત્ન બીજાં લાવશે;
" હરશે વિપતિ અવતાર ધરિ હરિ જેમ અસુરોને હર્યા,
"નરરત્ન માળાના સુમેરૂ તિલક સ્વર્ગે સંચર્યા.

કર્મવીર અને હિન્દમાતા.

કર્મવીર—હે મ્હારી વ્હાલી માતા! ત્હારો નીતીનો નમુનો, બુદ્ધીનો ખજાનો, વચનનો બ્રહસ્પતી, વસ્તીનો સિંહ, નિરક્ષીરનો ન્યાયી હંસ, અને સ્વદેશાભિમાની મ્હારો ધર્મપ્રિય બંધુ આપણને મુકી કયાં લોપ થયો? તે કહો.

માતા—વ્હાલા બેટા! શાન્ત થા. ન ગભરા, કલ્પાંત ન કર, એ રાજદક્ષ કાંઇક વિશેષ પદ્વી પ્રાપ્ત કરવા અને વિશેષે કરીને આપણા દુઃખોનું નિવારણ કરવા ગયા છે, તેઓ પોતાનું કાર્ય સફળ થયે અત્રે પધારશે.

કર્મવીર—(અત્યંત વિહવળાવસ્થામાં) માતા! તું મને ખોટું કેમ સમજાવે છે. લોકો તો કહે છે કે તેઓ મરી ગયા તો મરેલું કોઇ વખત પાછું આવે? મા.

માતા—મ્હારા લાડકવાયા પુત્ર ! ત્હારી દ્રષ્ટી દરેક સ્થળે ફેરવ જો ! દરેક ત્હારા બંધુઓના હૃદયમાં તિલક એ વાસ કર્યો છે. ત્હારો બંધુ ગઇ કાલે એકજ જીવમય હતો, અને હવે તો હિન્દના તમામ દેશી બંધુઓના જીવમય થઇ રહ્યો છે એટલે મર્યો કેમ કહેવાય? સાંભળ

છપ્પય છંદ.

" મર્યો તેહ કે'વાય, જેહ દુઃખ દેવા સરજ્યો,
" મર્યો તેહ કે'વાય, જુલમ કરવા જે ગર્જ્યો;
" મર્યો તેહ કે'વાય, દેશદાઝે નવ દોડયો,
" મર્યો તેહ કે'વાય, કાયદો જેણે તોડયો;
સુખવંત વિજયિ નિજ દેશના, ભકત ન્યાયિ કદિ નવ મરે;
જયસિંહ કહે શ્રી તિલક તો, અમર જુઓ નજરે ફરે.
" મર્યો તેહ કે'વાય, જેહ કુળ તણો કલંકિત,
" મર્યો તેહ કે'વાય, અધમતાથી જે અંકિત;
" મર્યો તેહ કે'વાય, આપનું પરનું ટાળ્યું,
" મર્યો તેહ કે'વાય, ઝેરમય જીવન ગાળ્યું;
કુલ મુગટ સુજન ઉપકારમય, મિષ્ટ જીવન કદિ નવ મરે;
જયસિંહ કહે શ્રી તિલક તો, અમર જુઓ નજરે ફરે.
" મર્યો તેહ કે'વાય, માતની કુખ વગોવે,
" મર્યો તેહ કે'વાય, જાતમાં ઝેર વલોવે;
" મર્યો તેહ કે'વાય, બાપનું નામજ બોળે,

"મર્યો તેહ કે'વાય, પારકી થાપણ ઓળે;
ઊંધીજ ઈંટ માંડે સદા, હળી મળી હાલે ન જે;
જયસિંહ કહે તે જાણજો, જીવ્યો મર્યા જેવોજ તે.

કર્મવીર—માતા ! તું ગમે તેમ કરી મન વળાવવા માંગે પણ તે વળે તેમ ક્યાં છે ! મા.

સોરઠા.

"અગન કેમ ઓલાય, વચનોથી મન વાળિયે;
"સુક્ષમતા સમજાય, સ્થૂળ દેહ ક્યાં ભાળિયે.

વ્હાલી માતા ! જો લોકોની કેટલી મેદની થઇ રહી છે, માતા મ્હારા દેશી બંધુઓના હૃદયોદગારોથી મારું મન અતી મુંઝાય છે. હૃદયમાં બળતી આગ બુઝાય તેમ નથી. (ચર્નીરોડ સ્ટેશન તરફ આંગળી કરી) જો આ જતી આવતી રેલગાડીના ભુંગળાં જેમ ભભકે છે તેમ હે માતા! મ્હારું હૃદય પણ ભભકે છે.

સોરઠા.

"જુઓ ભુંગળું જેમ, આ ભભકે ઇન્જીનનું;
"અંતર ભભકે એમ, તિલક નજોતાં ત્યાગીનું.

ધીરજ રાખી શકાય તેમ નથી. વ્હાલી મા! હું આ નજરે શું જોઉં છું.

મનહર છંદ.

" પારાવાર દિલગીરી, દેખાઇ પડે છે હાય
" હાહાકારના પોકાર, હિન્દમાં ફેલાણા છે–
" હાટે હાટે ભારે હડતાલ પડી વાટે વાટે
" ઘાટે ઘાટે સોચે કોણ રંક કોણ રાણા છે–
" મુંબાઇમાં મેદની મળેલી લાખો લોકોતણી
" માથાના મુગટ જુઓ વેગળા મુકાણા છે–
" તુટી પડયો મેરૂરૂપ તિલક ભારત તણા
" નરરત્ન માળામાંના દાણા ગભરાણા છે.
" આવવા જવાના પંથ જરાએ ના દેખ્યા જાય
" આપવા લેવાના વહેવારો અટકાણા છે–
" અવાજ ના બીજો એકે સાથે જય તિલકની
" નાના મોટા ભારે ભીડ વિષે ભટકાણા છે–
" ભિન્ન ભાવ તજી સહુ દેખે સ્થૂળ મુખ જુઓ
" હિન્દુ ઇસલામ એમ સરખા લેખાણા છે–
" તૂટી પડયો મેરૂરૂપ તિલક ભારત તણા,
" નરરત્ન માળામાંના દાણા ગભરાણા છે–
" આ શું ? કાળો કેર, વરતાણો અઘટીત થયું
" જાણું છું કે હરી કાંઇ હાલમાં રિસાણા છે
" તે સિવાય બને નહિ આવી બીના કદી પણ

" ના જોએલી જોઈ જીવ ઝાઝાના મુંઝાણા છે–
" માલ તણી હાની થએ મળે લાભ ઉદ્યમથી
" જાન તણી હાનીના તો વાયદા જણાણા છે–
" તૂટી પડયો મેરૂરૂપ તિલક ભારત તણા
" નરરત્ન માળામાંના દાણા ગભરાણા છે–
" અરે આ શું! દ્વેષી દૈવે ઓચિંતું અનિષ્ટ કર્યું
" કર્મ શિરે કષ્ટતણા મેવ વરસાણા છે–
" વિટંબણા વિષે કાંઇ મૂકી નહીં મણા જુઓ
" શોક તણા સાતે સિન્ધૂ સાથે ઉભરાણા છે
" સુધરેલું કાજ હાય બગડવા બેઠું તેથી
" ઘણા જણા તણા ઉરે ઉભરા સમાણા છે–
" તૂટી પડયો મેરૂરૂપ તિલક ભારત તણા
" નરરત્ન માળામાંના દાણા ગભરાણા છે–

માતા--ભાઇ તું જ્ઞાનદ્રષ્ટીએ જો, જેમ પર્વતમાંથી વહન કરતી પવિત્ર નદીનું પાણી મહાસાગરમાં મળી ગયું તે મળીજ ગયું, જેમ માટીના કાચા ઘડા ઉપર અપાર જળબંબ પડવાથી કાચો ઘડો ગળી ગયો તે ગળીજ ગયો, જેમ વાદળાંથી ઘેરાએલા આકાશમાં વીજળીનો ચમકારો ચળી ગયો તે ચળીજ ગયો તે રીતે હે સપુત! તું શા માટે

નેત્રો નિચોવે છે અને મીથ્યા શોક શા માટે કરે છે ભરેલું જળ વાસણમાંથી ઢળી ગયું તે ઢળીજ ગયું. *

કર્મવીર—માતા તમો શું વદો છો! ત્યારે શું તેઓ પાછા મને નહિં મળે?

માતા—વ્હાલા બેટા! મળશે પણ વખત છે.

સોરઠા.

" ગઇ વસ્તૂ થઇ હાન શોક કર્યાથી શૂં વળે
" દેવોનો મિજમાન તરત પરત કયાંથી મળે-
" ધારી વીરા ધ્યાન જો જો તું ઉંચૂં જરા
" સૂરાનું સનમાન, કરે ઇન્દ્ર [1]સચિ સંગમાં-

---

* **કવિત્તઃ**- યથા શુદ્ધ વહતી શિલોચયકી સરિતાકો
વારી મહા સાગરમેં મલિગો સો મલિગો-
યથા પર્યો ઉપર અપાર જલ બંબ યાતેં
કાચો ઘટ મ્રતિકાકો ગલિગો સો ગલિગો-
કહે જયસિંહ યથા બાદર બલિત નભ
ચમકાર ચંચલાકો ચલિગો સો ચલિગો-
ચખ ચુચુવાત કહા વૃથા પછીતાત પ્યારે
ભર્યો જલ ભાજનસે ઢલિગો સો ઢલિગો.

૧ ઇન્દ્રાણી

કર્મવીર—(આશ્ચર્ય પામી) માતા? હું સ્વપ્નાવસ્થામાં તો નથી? આ હું શું જોઉં છું? આ શોકાનંદમય દેખાવ મને અત્યંત અવર્ણનીય માલુમ પડે છે, કદીપણ ન સાંભળેલ તેમજ ન જોએલ દેખાવ પ્રત્યક્ષ જોઇ મને ઘણુંજ આશ્ચર્ય ઉત્પન્ન થાય છે.

માતા—હે પુત્ર! તમો જ્ઞાનીને તે દેખાવમાં બિલકુલ આશ્ચર્ય ઉત્પન્ન થવું જોઇએજ નહીં. આ તો એક ઇશ્વરી નિયમ છે. આ દુનિયામાંના વસતા જન સમુહોમાંનો જે મનુષ્ય પોતાની જીંદગી પરોપકારાર્થે, નીતી ધર્મની રાહે શુદ્ધ મનથી સદાને માટે અર્પણ કરે છે, તેવાના સુક્ષ્માત્માને દેવો તરફથી સારૂં માન મળે છે. પરંતુ લો૦ મા૦ તિલકને તો ઉપરોકત સન્માન મળે તે વ્યાજબી છે. કારણ તેઓ મ્હેમાન તરીકે સીધાવેલા છે. સાંભળ આ બાજુની ટોળીમાં દેશભકતો ત્હારા બંધુને ઉકતી કરે છે.

શાર્દુલવિક્રિડિત છંદ.

" શાણા હે સુરવીર ધીર ધરતા, નામી નમું નિર્મળા,
" જન્મેલા અભયા નક્ષત્ર સમયે, જ્ઞાતા સુવિદ્યા કળા;
" હિન્દુસ્થાનતણાં પ્રકામ કરવા, યાદી ઉરે લાવજો,
" માનીતા જન પ્રિયશ્રી તિલકજી, વ્હેલા તમો આવજો-
" કીધી પર્મ પ્રતાપી બુદ્ધિબળથી, ખંડે નવે નામના,
" આઠે પ્હોર સ્વદેશ ભક્તિ કરતા, દેનાર વિશ્રામના;

" હોદ્દો આપતણો પવિત્ર હકનો, શ્રીમાન સંભાળજો,
" માનીતા જન-પ્રિય શ્રી તિલકજી, વ્હેલા તમો આવજો-

સ્વર્ગમાં લો૦ મા૦નું સન્માન.

સ્વર્ગલોકમાં સર્વ દેવો શ્રી તિલકના આવવાની રાહ જોઇ રહ્યા છે એટલામાં વૈમાનનો દેખાડ થવાથી દુદુંભી આદિ વાજીંત્રનો નાદ શરૂ થયો ને દૈવી-અપ્સરાઓ પુષ્પની વૃષ્ટિ સાથે તેઓશ્રીને વધાવી લે છે.

કવ્વાલી.

" વધાવું પુષ્પથી વ્હાલા. "

" પધારો હિન્દના હીરા, વડા વ્હેવારિઆ વીરા,
" [1]ગિરાના યુદ્ધમાં ધીરા, વધાવું પુષ્પથી વ્હાલા.-
" તમારી વીરતા તાજી, જગતમાં સાંભળી ઝાજી,
" અમારા ઈન્દ્ર છે રાજી, વધાવું પુષ્પથી વ્હાલા.-
" કર્યાં શુભ હિન્દમાં કામો, હિયે ઘાલી ઘણી હામો,
" તમારો જશ જબર જામો, વધાવું પુષ્પથી વ્હાલા-
" પરાક્રમમાં તમો પૂરા, સદા નરસિંહસમ સૂરા,
" ભભકતી મૂછના ભૂરા, વધાવું પુષ્પથી વ્હાલા-
" તમારૂં તેજનું તાલે, દિરઘ દૃષ્ટી બધે ચાલે,

---

૧ વાણીરૂપ યુદ્ધમાં ધીરજ ધરનાર.

" કિરતની રેખ કરપાલે, વધાવું પુષ્પથી વહાલા–
" બજાવી નોકરી ભારે, તિખી તરવારની ધારે,
" વસેલા હિન્દની વ્હારે, વધાવું પુષ્પથી વ્હાલા–
" જડોમાં ચેતનો રેડયાં, લુલાં પંગૂ તમે તેડયાં,
" *મનીષાથી મગજ ખેડયાં,વધાવું પુષ્પથી વ્હાલા–
" વિભૂતી આપની વ્યાપી, ઘણાંના અંતરે સ્થાપી,
" અમોને પણ તમે આપી, વધાવું પુષ્પથી વ્હાલા–
" તિલક મિજમાન માનીતા, પરિક્ષક તત્વથી ગીતા,
" જગત જયશિંહ છો જીત્યા, વધાવું પુષ્પથી વ્હાલા–

વૈમાનમાંથી નીકળતાં શ્રી તિલકને દેવાધિપતી ઇન્દ્રએ પધારો દેવ–માન્ય બાળગંગાધર તિલક. આપના આગમનથી અમો અત્યંત આનંદ પામ્યા છીએ. આપના જશની હવા સ્વર્ગલોકમાં સ્થળે સ્થળે ફેલાઇ રહી છે. આગળ ચાલો, દેવાંગનાઓ આપના દર્શનની રાહમાં ઉભેલી રહી છે. શ્રી તિલક સાથે સર્વ દેવો ભેટી સ્થાન તરફ જાય છે.

નારદ અને વિષ્ણુ.

(પરમાત્મા પોતાના ધામમાં બીરાજેલા છે ત્યાં નારદજીનું આવવું.)

નારદ—જય સચ્ચિદાનંદ, જય સચ્ચિદાનંદ, જય સચ્ચિદાનંદ,

---

* બુદ્ધિ.

(શ્રી વિષ્ણુ તરફ જોઇ) પ્રભુ આપને અભિવંદન કરૂં છું.

વિષ્ણુ—પધારો ભક્ત, તમોને જોઇ હું ઘણોજ ખુશી થયો છું. નારદજી શું સમાચાર લાવ્યા છો.

નારદ—પ્રભુ આપના દર્શનાર્થેજ આવ્યો છું. મારા સમાચાર આપથી કયાં અજાણ્યા છે? આપ સર્વ શક્તીમાન છો. ઇન્દ્રે સિંહસ્થની ધ્વજા ચડાવરાવવાની ખાતર મૃત્યુ લોકમાંથી લો૦ મા૦ તિલકની પ્રસંશાએ તેઓને આમંત્રણ કરીને તેડાવ્યા છે. પરંતુ નરલોકમાં તેઓના આવવાથી ઘણોજ કલ્પાંત થયા કરે છે. લોકોના દિલ દુઃખી થતાં જોઇ મને અત્યંત દુઃખ ઉત્પન્ન થાય છે, અને તેથી કરીને આપની પાસે આવ્યો છું.

વિષ્ણુ—અરે ભલા નારદ! તારૂં હૃદય તો અલૌકીક જણાય છે. ઇન્દ્રને સમજાવી તિલકને બોલાવનાર તું અને મારી આગળ આ રીતે ખેદ બતાવનાર પણ તુંજ છો નારદમુની! તમારૂં આ નારદપણું કયારે વિસરશો.

નારદ—હે પ્રભો! તમોએ ઉત્પન્ન કરેલી આ નારદપણાની મુર્તી નારદપણું તજે તે તો બનેજ કેમ! પરંતુ હે નાથ! સ્વર્ગપતિ ઇન્દ્ર! શ્રી તિલકને મ્હેમાન તરીકે ઘણા વખત રોકશે તેવું હું કયાં જાણતો હતો. વળી તેના મનમાં એવો નિશ્ચય થયો છે કે દેવમાન્ય શ્રી તિલકને પોતાની પાસેજ રાખવા પરત મોકલવા નહિં. તો હે કૃપાલ! આમ બનશે તો નરલોકો તેઓ વગર ઘણાજ દુઃખી થશે.

વિષ્ણુ—નારદઋષિ ! વિધિ જે કાંઇ નિર્માણ કરે છે તે થયાજ કરે છે. તમો કયાં સમજતા નથી. છતાં આ વિટંબણા લાવી મુકી તે વિધાત્રાએજ ભુલાવ્યાને! માટે તે વિષે કાંઇ દુઃખી થવા જેવું નથી. નરલોકના મનુષ્યો દુઃખી થાય તે તેઓનું અજ્ઞાન છે. નીતી એ શુદ્ધ મનથી વર્તન કરનારને સુખ દુઃખ કાંઇ હોતું નથી. તેઓ પોતાનું હૃદય નિર્મળ કરશે ! પોતાના દેશીઓને પોતાના બંધુસમ ગણુશે. ઐકયતાનું સ્મરણુ ધરશે, આત્મશકિત ઉપર શ્રદ્ધા રાખશે ને દેશદાઝ સમજશે તો આ તિલક જેવા અનેક તિલક પેદા થશે,

નારદ—હે કેશવ ! આપનું કહેવું યથાર્થ છે પણ આ દેખીતો બનાવ મારાથી જોઇ શકાતો નથી તો કૃપા કરી તેનું નિવારણ આપ કરશો, મ્હારૂં ચિત જ્યારે ભમે છે ત્યારે આપની પાસે મારૂં આવવું થાય છે. આપ અંતર્યામી છો. અને ભકતનું દુઃખ આપ ટાળો છો. તો હે પ્રભુ આપ આ બિટંબણા ટાળો.

વિષ્ણુ—ભકતોનું દુઃખ ટાળવું તે મારૂં કર્મ છે, નારદજી ! હું તેનું નિવારણુ કરીશ- પણ જો જો ફરીથી આવું કામ ન કરતા.

નારદ—જયયથાઓ, નારાયણુ, નારાયણુ, નારાયણુ.

(નારદજી જાય છે. વિષ્ણુ તેઓ તરફ જોઇ હસ્તા હસ્તા જાય છે.)

સ્વદેશ બંધુઓની લાગણી.

મ્રત્યુલોકમાં શ્રી તિલક મહારાજની યાદગીરીના અર્થે મોટા મેળાવડા લાખો માણસોની મેદની ભરાએલી છે. દેશભકતો પોતાના હૃદયોદગારો બોલી રહ્યા છે. શ્રી તિલકના હસ્તકનું કાર્ય કયારે પાર પડશે. દેશ ઉપર દિન પ્રતિદિન કાંઇની કાંઇ વિટંબણાઓ આવતી જોઇ હિન્દીઓ ધીરજ રાખી શકતા નથી. પોતાના અંતઃકરણ મુંઝાયાથી દરેક જણાઓ મન સ્થીર કરીને શ્રી તિલકને સ્તુતિ કરવા લાગ્યા.

કવ્વાલી.

" પધારોને તિલક વ્હેલા. "

" બુડેલા વિહ્‌ સાગરમાં, બચાવો હિન્દ છે ડરમાં,
" ખેવટિયા રૂપ માનેલા, પધારોને તિલક વ્હેલા–
" જીગરની જ્વાળને ઠારો, હવે એકે નથી આરો,
" અમારે કાજ ઉપજેલા, પધારોને તિલક વ્હેલા–
" બહુ નરરત્ન ઝુરે છે, ઊરે અફ્સોસ પૂરે છે,
" તમો જાતાં થયા ઘેલા, પધારોને તિલક વ્હેલા–
" ચરાચર જીવ જંતુનો, તમો વિણ હિન્દ છે સુનો,
" કરૂણ રસના વહેરેલા, પધારોને તિલક વ્હેલા–

" ભુલી જાતા હશો ધોખે, કદાપી સ્વર્ગના શોખે,
" પરંતુ પ્રેમ બાંધેલા, પધારોને તિલક વ્હેલા–
" દયાળુ હિન્દના દાદા, સ્વભાવે સરળ ને સાદા,
" લઇ આ નોરતાં વ્હેલાં, પધારોને તિલક વ્હેલા–
" ચુનંદા કરિં પ્રયત્નોને, બીજાં લાવો સુરત્નોને,
" સુખદ સ્વર્ગે બિરાજેલા, પધારોને તિલક વ્હેલા–
" તમારૂં કામ છે બાકી, જશો ના દેહુથી થાકી,
" ચહે છે આપના ચેલા, પધારોને તિલક વ્હેલા–
" કવિ જયસિંહુના પ્યારા, રહોના હિન્દથી ન્યારા,
" અમારા તાજ અલબેલા, પધારોને તિલક વ્હેલા–

હિન્દીઓ સ્તુતિ કરી વિખરાવા લાગ્યા મેળાવડો વીખરાયાથી તેમજ રાતનો વખત હોવાના લીધે માણસનો આવવાનો તેમ જવાનો વ્હેવાર અટકી પડયો છે સમુદ્રનાં મોજાં ઉછળી રહ્યાં છે. આ વખતે એક વ્યકિત સમુદ્રના કીનારે સ્વસ્થ થઇ ધ્યાનમય તલ્લીન થઇ રહી છે. એટલામાં ત્યાં આગળ એક ભયાનક મુર્તી તેની સમક્ષ આવી ઉભી અને તે વ્યકતીને બોલાવી તેના ધ્યાનમાંથી મુકત કરી હાથ પકડી ઉભી કરી. આ વ્યકતી પોતાના ચક્ષુ ધ્યાનમુકત કરનાર મુર્તી તરફ ફેરવે છે તો જેને માટે ધ્યાનમાં બેઠેલ તેજ મુર્તીને જોઇ અત્યંત આનંદાવેષમાં હો મ્હારી માતા, તું કયાં લોપ થઇ ગઇ હતી દેવી હવે તમે લોપ થતાં અમારે કેમ ચાલશે. માતાજી તું હવે આ તારા બચ્ચાંઓ તરફ રહેમ નજરથી જો ત્હારા ઘરમાં

નજર ફેરવ અમારી દયા તને આવતી નથી દેવી? ઓ જનની મ્હારા દેશી બંધુઓના નેત્રથી ખળતાં જળબીંદુઓ શું તને આનંદ પમાડે છે? વ્હાલી મા, કેમ બોલતી નથી. કેમ શુન્ય બની છે,

માતા—બેટા, તારૂં બોલવું બસકર મ્હારાથી બીલકુલ સાંભળી શકાતું નથી. મ્હારૂં હૃદય ઉભરાય છે. હવે મ્હારાથી બોલાતું નથી. (માતાના આંખમાંથી ચોધાર આંસુ વહે છે આ જોઇ)

કર્મવીર—હે દેવી, મ્હને ધીરજ આપવાને બદલે આ તું શું કરે છે! અરે ત્હારાં ચક્ષુઓમાંથી જળની ધારા કેમ વહેવડાવે છે! ત્હારી આ સ્થીતિ જોઇ મ્હારાથી ધીરજ કેમ જાળવી શકાશે. માતા તું કેમ ગભરાય છે કહે મ્હારા બોલવા ઉપર ત્હારૂં હૃદય ભરાઇ આવ્યું? મા બોલ બોલ મ્હારી જનની તું કેમ રડે છે.

માતા—હે સપુત! ત્હારૂં બોલવું મ્હને જરાએ શોચનીય નથી. બેટા તમારાં દુ:ખ મ્હારૂં હૃદય ભેદી નાંખે છે. હમણાં થએલા મેળાવડામાં ત્હારા દેશી ભાઇઓની સ્તુતી કેટલી કરૂણમય હતી. વ્હાલા પુત્ર! આવી તમારી સ્થીતી હું કયાં સુધી જોતી રહીશ. અરેરે, મ્હારા ઉપર દુ:ખનાં વાદળ આજે કેટલા વર્ષોથી ઘેરાએલાં છે. છતાં મ્હારા પુત્રોએ નીતીના રસ્તે રહી આવેલા કષ્ટો સહન કરી કાંઇક દ્રઢ નિશ્ચય ઉપર આવી મારી દુર્દશાને નાબુદ કરવા શકતીવાન થયા છે. તેમાં વળી ત્હારા બંધુ તિલક જેવાનો જરા પણ વિયોગ થાય તે મ્હારી દશા માટે મ્હને કેટલું લાગી

આવે ? બેટા, આ દુઃખ મ્હને ઓછું લેખાય ? જ્યારે મ્હારા પુત્રો એક મતી બને, પોતાના ઘરનો કારભાર પોતાના હસ્તથી ચલાવે. ઐકયતાથી વર્તે, ધર્મનીતીએ ચાલે, તોજ તું મ્હને શાન્તિમય જોશે નહિંતો મ્હારી આ દશાજ જાણવી. ત્હારો જીવ ન ગભરાય તેના લીધે હું મ્હારી દશા સ્હેજ બદલી તને આનંદ પમાડું તેથી શું વળ્યું.

કર્મવીર—મ્હારી વ્હાલી માતા, ત્હારા આ શબ્દો મારૂં હૃદય ભેદી નાખે છે. હે જગતનિયંતા, ત્હારો આ શું કોપ છે? દેવાધીદેવ ક્ષમાકર.

છંદ સવૈયા એકત્રીસા.

"ધર્મ સુર્ય પુરણ પ્રતાપના, શૌમ્યતાઇના સુધાનિધાન.
"ભારે ભાવ ભરેલ ભકતના, ભીડ ભાગનારા ભગવાન.
"ઘડ્રેન સંતાવું ગુણ સાગર અરસ પરસ અરપી તન મન
"પવિત્ર માના ઉદર સિન્ધુથી, પ્રગટ થએલા તિલક રતન્ન–
"માનીતા મેરૂ મ્રયાદના, ક્ષમાતણા ક્ષોણીના અંગ
"સત્યવ્રત્તના હરિશ્ચંદ્ર હે, કરનારા સ્નેહીનો સંગ
"કર્મવીરના જમણા કરવર, ઉપજાવી ઉર કેમ અગન્ન
"પવિત્ર માના ઉદર સિન્ધુથી, પ્રગટ થએલા તિલક રતન્ન–
"રત્નમાળમાંથી બે ત્રણ જણ, તારા સરખા ગયા પ્રથમ
"દાઝયા ઉપર ડામ પડયાથી, સંતાપેછે થઇ સમ દમ
"આર્યવર્તની માત આપણી, કરે ઊલકાપાત રૂદન્ન
"પવિત્ર માના ઉદર સિન્ધુથી, પ્રગટ થએલા તિલક રતન્ન–

" ધીર આપતું ધાર આપછે, કર્મવીર કાયમ જે આંઇ
" સામણુ સુતરછે ગુંચવાયું, ત્હારા વિણુ સુજે નવકાંઈ
" સિધાવેલ હે સ્વર્ગ તિર્થમાં, કેમ વિતાવ્યા ઝાઝા દન્ન
" પવિત્ર માના ઉદરથી સિન્ધુથી, પ્રગટ થએલા તિલક રતન્ન–
" લાવનાર લાયક રસ્તાપર, ખોળનાર ખામીને ખુંચ.
" વીરા તુજ વીણુ કોણુ કાઢશે, ગુંચવાએલી ઘાટી ગુંચ
" આવઆવ જલદીતું અહીંઆ, ના તપાવ બન્ધુના તન્ન
" પવિત્ર માના ઉદર સિન્ધુથી, પ્રગટ થએલા તિલક રતન્ન–
" તેંજ કીધેલું પ્રથમ એમકે, અખિલ હિન્દને હું આધીન
" તારો તાબેદાર ત્યારથી, બન્યો હિન્દ રાખી આકીન
" હક માગે તે આવ આપવા, હવે હિન્દને ન્યાયા સન્ન
" પવિત્ર માના ઉદર સિન્ધુથી, પ્રગટ થએલા તિલક રતન્ન–
" કોહીનુર તું જગમાં જગમગ, હતો હિન્દ હૈયાનો હાર
" દાનત બગડી ઇન્દ્ર તણીશું, તને વાર વીત્યા દશબાર
" એમ હશેતો કરશું દાવો, પરમાત્માને કરી પ્રસન્ન
" પવિત્ર માના ઉદર સિંધુથી, પ્રગટ થએલા તિલક રતન્ન
" અપરાધી જો ઇન્દ્ર થશેતો. કરશે ન્યાય જગત સરકાર
" પણ અમને પરિશ્રમ બહુ પડશે, અદ્રશ્ય લડવાનો આધાર
" માટે હવે પધારો વ્હેલા, કવિજયસિંહ કહે ધન ધન્ન
" પવિત્ર માના ઉદર સિંધુથી, પ્રગટ થએલા તિલક રતન્ન

ગેબી અવાજ.

કર્મવીર રાત્રીના સમયે પોતાના શયન ગ્રહમાં સુતા સુતા વીચારમય ગરક થઇ રહ્યા છે. કંઇક ધીરજને હિંમત્તથી ઉભા થઇ ઉંચી દ્રષ્ટીએ જોવા લાગ્યા તેમનાં ચક્ષુઓ કાંઇ જુદુજ રૂપ ધરવા લાગ્યાં અરે હું કેમ વિચારમય રહુંછું! નહિં નહિં એમાંતુ કાંઇજ નહિં, વિચારશાનો, કરવાનું કાર્ય કરતાજ રહેવું, મ્હારા વ્હાલા બંધુનું પણ એજ કહેવું હતું કે તમારૂ કાર્ય તમો કરતાજ રહેજો ડર ઇશ્વરનોછે. નીતી મારીછે. સત્ય મારો સાથીછે. બંધુઓ મારા અનુયાયીઓછે. મ્હારા ઘરનો કારભાર હું ચલાવી શકું તેમછે તો પછી ઘર વ્યવહારના નડતર પડતા કાર્યોને નાબુદ કેમ ન કરવાં? હું સારી પેઠે સમજુ છુ ને મ્હારા બંધુઓ પણ હવે મ્હારા કરતાં પણ વધુ સમજી શકયાછે. મ્હારા વ્હાલા-બંધુ લો૦ મા૦ તિલકના કાર્યનું અનુકરણ કરવુંજ તેજ મ્હારા દેશના માટે ઉત્તમછે. અરેરે! તેઓ મને કેવું સરસ જ્ઞાન આપતા ગયાછે. તેઓની યાદગીરી મ્હને વિસરતી નથી મહારાજ! (ઉંડો નીસાસો નાંખ્યો નેત્રોમાંથી ચોધાર આંસુઓ વહેવા લાગ્યાં એટલામાં તેને કાંઇ અવાજ સંભળાયો.)

ઇન્દ્ર--હે કર્મવીર! તું ત્હારા બંધુ તિલકના માટે શાને દુઃખી થાયછે તારૂ દુઃખી થવું નિર્થકછે

કર્મવીર-ગેબી અવાજ કરનાર હે દેવ! આપ કોણ છો?

ઇન્દ્ર—હું સ્વર્ગનો પતી ઇન્દ્ર

કર્મવીર-હે દેવાધિપતી શું મ્હારા મહારાજ તિલક પાછા નહિં આવશે? તમો મ્હને નીરાશ કેમ કરોછો.

ઇન્દ્ર--સાંભળ કર્મવીર! ત્હારા તિલક બંધુને હું પાછો નર લોકમાં મોકલવા ઇચ્છતો નથી. કારણ એવું નરરત્ન ફરીથી હું પ્રાપ્ત કરી શકું તેમ નથી એટલેજ હું મ્હારી પાસે રાખવા ઇચ્છું છું

દોહરા.

કર્મવીર-" સવિનય અરજી સાંભળો, મહારાજ અમરેષ
" માનીતા મીજમાનને, મોકલજો આદેશ

ઈન્દ્ર—" છે જેની ત્યાં ચાહના, છે તેની અહિંચાહ
" ના જેની ત્યાં ચાહના, તેની અહિં નહિં ચાહ

કર્મવીર-" ત્હારી ઇચ્છા હોયતો, બીજો ત્યાંજ બનાવ
" લોક માન્ય તે માગીએ, તિલક અમારો લાવ

ઇન્દ્ર—" મ્રત્ય લોકના માનવી તે તમારૂ અજ્ઞાન
" ગયું રત્ન નવ સાંપડે, મળશે તેહ સમાન

કર્મવીર-" તે સમાન બીજું મળે, તો ત્હારી કરૂણાજ
" હતો તિલક તે જોઇએ, આપ ઈન્દ્ર મહારાજ

ઇન્દ્ર—" દૈવેચ્છા હતી ત્યાં સુધી, તિલક બિરાજ્યા ત્યાંહિ
" દૈવેચ્છા એવી હવે, તિલક જોઇશે આહિં

કર્મવીર "સદા પરાથી સંપતી, તને જોઇ નવ જાય
"ચૌદ વરસ તારા દુઃખે, વન વસિયા રઘુરાય
ઇન્દ્ર—"જો જાણોછો એમ તો, શાને કરો વિવાદ
"કરો ન્યાયની કોરટે, જગપતિને ફરિયાદ

કર્મવીર આ ગેબી અવાજ સાંભળી ઘણોજ વિચારમય થયો ને વિચારમાંને વિચારમાં નિદ્રાધીન થયો

તિલક દેવમાન્ય

સ્વર્ગમાં ઇન્દ્રની સભા ત્યાં નારદનું આવવું

ઇન્દ્ર—પધારો મુનીરાજ! હું આપને અભિવંદન કરૂંછું.

નારદ-કલ્યાણ થાઓ. નારાયણ, નારાયણ, નારાયણ,

ઇન્દ્ર--રૂષિરાજ ? કાંઇ નવીન સમાચાર જણાવશોકે ?

નારદ-હે સ્વર્ગપતી! સમાચાર કહેવાથી તમો શું ધ્યાન આપી શકવાના હતા.! કવચિત્ત મારૂં કહેવું ધ્યાનમાં લઇ તેનું સાર્થક થાય તેમ હોય તો કહું.

ઇન્દ્ર--નારદમુની! તમારા વચનથી ઊલટો હું કયારે વર્તુછું મ્હારાથી કાંઇ કાર્ય થવાનું હશેતો જરૂર કરીશ બોલો નારદ-રૂષિરાજ સવિ સ્તર સંભળાવો.

નારદ-સાંભળો દેવપતી! મ્હારા કહેવા પ્રમાણે તિલકને-આમંત્રણ આપી અત્રે તેડાવ્યા ને દૈવમાન્ય પદવીએ તમો સદાના

માટે પોતાના પાસે રાખવા જે ઇચ્છા ધરાવોછો તે મ્હારા સમજવામાં વ્યાજબી નથી જુઓ નરલોકમાં શ્રી તિલક વિયોગથી કેટલું કલ્પાંત થાયછે ત્હમારૂ હૃદય પણ પીગળવાથી તમો ગેબી અવાજથી દેવીપુત્રને આશ્વાસન આપવા ગયા હતાને! કહો–જોઇએ તમારૂં અંતઃકરણ તે વખતે કેટલું દુઃખાતું હતું અરે છતાં પણ તેઓની દયા ઉપર ધ્યાન ન આપી તમો અંતરધ્યાન થયા તે કેટલું શોચનીયછે

ઇન્દ્ર––નારદમુની ? તમો મ્હારા ઉપર આક્ષેપ મુકોછો તે શું વ્યાજબીછે ? ત્હમારા મતાનુસારે તેઓને દેવમાન્ય બનાવી અત્રે તેડાવ્યા તેઓના રહેવાથી મારી પ્રસંશા વિશેષ થાયછે કહો જોઇએ હું તેઓને કેમ પાછા મોકલું ? મુનીરાજ મ્હારાથી વિદાયગીરી આપવાનું બનશેજ નહિં

નારદ–રાજા ઇન્દ્ર ! મ્હારૂ કેવું યોગ્યછે. દુઃખીયાઓનું દુઃખ ટાળવું તે ત્હમારા જેવાનુંજ કામછે. પરમાર્થી કાર્ય કર્તાને ઇશ્વર કેવી સ્થીતીએ પહોંચાડેછે તે તમો નથી જાણુતા ? માટે હિન્દની આ અરજી ધ્યાનમાં લઇ તમારા મકકમ વિચારને તિલાંજલી આપો.

ઇન્દ્ર––મહારાજ ! આ પ્રમાણે કરવું તે મ્હારાથી ન બનશે મ્હારા હસ્તથી આપેલી પધ્વીથી તેઓ ઉતરતી પધ્વીએ જાય તે મ્હારૂ અપમાન થયા બરોબરછે. એટલેજ હું આપના વિચારથી નાકબુલ થાઉંછું.

નારદ-તું જાણેછે કે મ્હારૂ બોલવું કદી અસત્ય થતું નથી હમણાં નહિં તો પછી પણ ત્હારે કબુલતો કરવુંજ પડશે. બહુ સારૂ ત્યારે હું જાઉંછું જયશ્રી હરી નારાયણ, નારાયણ,

(ઇન્દ્રની સભામાંથી નારદનું જવું ઇન્દ્ર તિલક પાસે જઇ કહેવા લાગ્યા હે દૈવમાન્ય તિલક આપના સ્હેવાસથી મને ઘણોજ આનંદ થાયછે. ચાલો હું તમોને હરિદ્વારમાં લઇ જાઉં ત્યાં તમોને શ્રી હરિના દર્શન થશે. મ્હારૂ ધારવું ત્હમારા માટે વિશેષ માનનીયછે. મારા ધામ કરતાં હરિદ્વાર અતી શ્રેષ્ટછે ચાલો ત્યાં જવાથી આપની મહત્તા વધશે.

દોહરો.

ઇંદ્ર— કહે ઇંદ્ર ચાલો તમો, માનીતા મિજમાન,
જઇએ પ્રભુનાં દર્શને, કરવા પ્રભુ ગુણ ગાન.

(ઇન્દ્ર તથા દૈવમાન્ય તિલકજી હરિદ્વારમાં જાય છે. હરિદ્વારમાં શ્રી હરિ, ધર્મરાજા તથા દેવો બેઠેલા છે ત્યાં નારદ મુનીનું આવવું)

વિષ્ણુ દરબાર.

શ્રીહરી—(નારદ મુનીને આવતા જોઇ) પધારો નારદ મુની !

નારદ—જય હરીકૃષ્ણ, જય હરીકૃષ્ણ, જય હરીકૃષ્ણ.

શ્રીહરી—નારદજી કયાંથી આવવું થાય છે ?

નારદ—પ્રભુ, હું તો રટતો રામ છું. મ્હારૂં કાંઇ સ્થાન નથી. ફરતો ફરતો ત્હમારૂં દર્શન કરવા આવ્યો છું.

ધર્મરાજ—મુનીરાજ ! ઇશ્વરનો કુદરતી પવન મ્રત્યુલોકમાંનો કેમ દુઃખકર અસર કરે છે ? રૂષિરાજ ! તમો સર્વ ગતીવાન છો, તમો સમજાવી શકો તેમ છો.

નારદ—ધર્મરાજા પવન દુઃખકર અસર કરે તેમાં કાંઇજ નવાઇ નથી, ત્હમારૂં ધારવું તદ્દન વ્યાજબી છે. હાલમાં હિન્દની પ્રજા ઘણીજ વ્યાકુળતામાં છે. બીચારાનાં ચક્ષુઓ આંસુની ધારાઓથી ભરેલાંજ રહે છે તેઓના દુઃખી હૃદયોની દયાથી વાયુદેવ દુઃખી થઇ વાય તેમાં કાંઇજ નવાઇ નથી.

ધર્મરાજ—શું નારદ મુની ! નરલોકની આ સ્થીતી શું થએલી વ્યાજબી છે ? જો તેમ હોય તો તેનું શું કારણ છે, તે કહો

નારદ—કારણ ઇન્દ્રજ છે.

ધર્મરાજ—ઇન્દ્ર ! (હરી સામું જોઇ) પ્રભુ ! નારદ મુનીનું કહેવું કાંઇ સમજાતું નથી. (નારદ મુની તરફ જોઇ) મુનીરાજ સવીસ્તર હકીકત કહો, ત્હમારૂં બોલવું ભેદનીય છે.

નારદ—લો૦ મા૦ તિલકની પ્રસંશાથી ઇન્દ્રે સીંહસ્થની ધ્વજા ચઢાવરાવવા આમંત્રણ મોકલી તેઓને તેડાવ્યા.

હવે તેઓએ દેવમાન્ય કરી શ્રી તિલકને પોતાની પાસે રાખ્યા છે. પાછા નરલોકમાં મોકલવા તેઓની ઇચ્છા નથી. શ્રી તિલકના વિયોગથી હિન્દીઓ અતી કલ્પાંત કરે છે.

કારણ, શ્રી તિલક તેઓનું છત્ર છે, તો તેઓ વિના ત્યા આગળ સર્વ નિરાધાર જેવા છે.

ધર્મરાજ—ઘણુંજ દુ:ખકર ! કેશવ ! નારદનું બોલવું મને ઘણુંજ દુ:ખકર થઇ પડયું છેં. ઇન્દ્રનું આ વર્તન તદ્દન અયોગ્ય છે. હરી, હરી, આવા દુ:ખોની કથા મ્હારાથી જરાપણ સાંભળી શકાય નહિં, જ્યારે ઇન્દ્રને કાંઇપણ અસર થતી નથી ? (ઇન્દ્રનું શ્રી તિલક સાથે આગમન.)

દોહરો.

લોકમાન્યને લેઇને, આવ્યા ઇંદ્ર હરિદ્વાર,
નિજ જનનો શ્રી વિષ્ણુએ, આદર કર્યો અપાર.

વિષ્ણુ—(ઇન્દ્ર તથા તિલકને આવતા જોઇ) આવો આવો ઇન્દ્ર રાજા. આ સાથે આપના મ્હેમાન તે નરલોક માનીતા શ્રી તિલક છે ?

ઇન્દ્ર—જી હા ! આ લો. મા. તિલક હવે દેવમાન્ય થએલા છે-તેઓના કૃત્યની પ્રસંસા સ્થળે સ્થળે ફેલાએલી છે. હે કૃપાળુ ! આ પવિત્ર આત્માની સાથે રહેતાં મ્હારા આત્માને ઘણીજ શાન્તી થાય છે.

વિષ્ણુ—સ્વર્ગપતી રાજા ઇંદ્ર-તમારૂં બોલવું સ્તુતીપાત્ર છે. " શ્રી તિલક મારા સ્વરૂપનો કાંઇક અંશ છે. " દરેકમય હું છું. જન. જાનવર, પક્ષી આદી દરેક જંતુમાં મારો વાસ છે. જગતમાં હું છું. જ્યાં જુઓ ત્યાં હુંજ રહ્યા કરૂં છું. હે

દેવાધિપતી ! જે આત્મા પોતાનું સ્વરૂપ જ્ઞાનદૃષ્ટીએ ઓળખી શકે છે તેજ મને પણ ઓળખે છે. અને જે મ્હારૂં સ્વરૂપ સમજ્યો તેણામાં કાંઇક અલૌકીક શક્તિ જોવામાં આવશે. તો ત્હમારા દેવમાન્ય ને મ્હારા પરમ ભક્ત-શ્રી તિલક મ્હારા સ્વરૂપને ઓળખી શક્યા છે, ત્યારેજ તેઓ ત્હમારા જેવા સ્વર્ગપતીના મુખે પ્રશંસાને પાત્ર થયા છે.

(યમદુત્તનું આવવું. યમદુત તિલકને મળેલા માનથી ઘણોજ શોચમય બને છે. જો આ પ્રમાણે હિન્દમાં વસ્તા દરેક જનોને માન આપવામાં આવશે તો અમારો તો ધંધોજ ટળી જશે. શું આ રીતે દરેક નરલોકને માન સાથે તેડાવવાનો કાંઇ ઠરાવ કર્યો છે કે શું ? પાપીષ્ટ લોકને પકડી લાવવાનો અમારો હક છે. જ્યારે આવા માનનું હિન્દ અનુકરણ કરશે તો જરૂર તેઓ પોતપોતાનું જીવન ઇશ્વર સ્મરણાર્થે નીતીમય વીતાવી આશક્તીને પામશે, ત્યારે અમારો હક તદ્દન નાબુદ થશે. હરકત નહિં, હમણાંજ હું હરિદ્વારમાં જઇ તિલકના માનમાં વીઘ્ન નાંખુ કે જેથી મ્હારી ભ્રમણાનો નાશ થાય.

યમદુત—(હરિદ્વારમાં પ્રવેશ કરી) મહારાજા યમપતિ ! અમારો હક હવે અમારા હાથમાંથી જવા બેઠો છે. જ્યારે ધંધા વગરના નિરૂધમી અમો ટીચાતા રખડશું, તો અમારી સત્તા કોણ માનશે ?

યમરાજ—(દુતને આ પ્રમાણે બોલતો જોઇ દરેક જણાઓ એક-ચિત્તે તેની તરફ જોઇ રહ્યા) આ હરિદ્વારમાં એકદમ નિર્ભયતાથી ધસી આવી બોલવાની હીંમત કરનાર હે મૂર્ખ ! ત્હારૂં શું કહેવું છે ?

દુત—મહારાજ ! જ્યારે રૈયતના હૃદયોમાં અત્યંત અગ્નીની જ્વાળા પ્રદીપ્ત થાય છે, ત્યારેજ તે પોતાના બાપ સમાન રાજાના દરબારમાં પોતાની દાદ જણાવવા ધસી જાય છે. તેજ પ્રમાણે અમારા અંતઃકરણો ઘણાજ વિહ્વળ બન્યા છે. મહારાજ ! એક નરલોકના મનુષ્યને આ રીતે માન આપી દેવમાન્ય ગણી તેડાવ્યો, ને તેજ પ્રમાણે માંન આપી જ્યારે આમંત્રણ કરશો તો અમારી ગણત્રી કોણ કરશે ? પાપકર્મમાં મગ્ન રહેલા પાપીઓને ઝકડી મુષ્ટીના પ્રહારથી તેઓને અતી આનંદમય લાવવાનું અમારૂં કાર્ય ભાંગી પડશે.

યમરાજ—અરે હે મુર્ખ-દેવમાન્ય તિલકની વિરૂદ્ધ બોલવાનું સાહસ કરતાં તને કાંઇ ભય લાગતો નથી. તેઓના કૃત્યની સીમા તારાથી કળી શકાય તેમ નથી, એટલે કદાચ ત્હારૂં અજ્ઞાનતું પ્રગટ કરે છે.

દુત—કૃપાનાથ ! એવાં તે શું કામો કરેલાં છે, જે દેવથી પણ વિશેષ માનને પાત્ર થએલ છે.

નારદ-અરે હે દુષ્ટ ! ત્હારી અજ્ઞાનતા બંધકર મુર્ખ ! ત્હારા બોલ-વાથી અત્રે બીરાજેલા પવિત્ર આત્માઓના હૃદય દુઃખી થયાંછે અને તું અત્રે બીરાજેલા સર્વથી ધીટકારને પાત્ર થયોછે

ત્હારા જેવા વિઘ્ન સંતોષીઓનેજ ત્હારી સત્તા યોગ્યછે. શ્રી તિલકના વિરૂધ્ધ બોલનાર ઇશ્વરી દરબારમાં શીક્ષાનેજ પાત્રછે, અને તેથીજ હું તને શ્રાપ આપુંછું કે હે મુર્ખા તું નર્કનો અધીકારી થશે.

દુત--મહારાજ ક્ષમા કરો! હું લો૦ મા૦ના પરાક્રમોને સમજી ન શકવાથી મારી અજ્ઞાનતાએ જે બે અદબી થઇ ગઇછે તે માફ કરશો.

તિલક-મુનીરાજ! યમદુતને આપેલા શ્રાપનું કાંઇ નિવારણ કરો પ્રભુ! મ્હારા વિરૂધ્ધ બોલનાર ઉપર મને જરા પણ રોષ રહેતો નથી, મ્હારી દ્રષ્ટીએ સર્વ સરખુંજ દેખાયછે.

નારદ દેવમાન્ય! ત્હમારી પ્રસંશા જેટલી થાય તેટલી ઓછીછે ત્હમારા દરીયાવ જેવા દીલથી દરેક દેવો ખુશી થયાછે દુત મુર્ખછે તે બીચારો ત્હમારા કૃત્યને શું જાણે! ત્હમોએ ત્હમારા દેશમાટે કષ્ટ સહન કરવામાં કાંઇ મના રાખી નથી જન્મથીજ ત્હમો ત્હમારા દેશની સેવા કરતા રહ્યાછો ત્હમારા બંધુઓનાં દુઃખી અંતઃકરણો જોઇ તેઓને શાન્ત કરવાને ઉપદેશ આપી રસ્તો બતાવતા રહ્યાછો જે ત્હમોને ખરૂ લાગતું તે નિર્ભય પણે જણાવતા રહ્યાછો, ત્હમારૂ આત્મબળ દરેક કાર્ય મક્કમ પણે કરતું રહ્યુંછે. ત્હમારા દેશી બંધુઓના અર્થે અને દેશના અર્થે સહન કરેલાં દુઃખોનું ફળ આજે તમો ભોગવોછો જે ફળ દેવોને પણ દુર્લભછે. (યમદુત

સામુ જોઇ) હે દુત! શ્રી તિલકના માનની ખાતર હું કહુંછું કે નર્કનો અધીકાર તને થોડોજ રહેશે બાદ તું સદ્‌ગતી પામીશ.

(યમદુત શ્રી તિલકની ઉદારવૃત્તિથી પ્રસન્ન થઇ તેઓની જય બોલી ચાલ્યો જાયછે

ધર્મરાજ-હે સ્વર્ગપતી! તમો તિલક મહારાજને રોકી ઘણાજ નિંદાને-પાત્ર થયાછો તમારૂ આ વર્તન યોગ્ય તો નજ ગણી શકાય!

ઇંદ્ર--ધર્મરાજ! મ્હારૂ ગેરવર્તન શુંછે?

ધર્મરાજ-નારદજી. સાંભળો રાજા ઇન્દ્રનું ગેરવર્તન કાંઇજ નથી

નારદ-હોય મહારાજ! સ્વાર્થીને દરેક સ્થળે અંધારૂજ દેખાયછે? નારાયણ, નારાયણ, નારાયણ,

ઇંદ્ર--નારદજી, તમો શું કહોછો? શું હું સ્વાર્થી?

નારદ-હાજતો, સ્વાર્થી નહિંતો શું પરમાર્થી જો પરમાર્થી થવા ઇચ્છા હોયતો બીચારા હિન્દીઓના દુઃખનું નિવારણ કરવા શ્રી તિલકજીને વિદાયગીરી આપો.

ઇંદ્ર--(અરે આ નારદ લાકડે માંકડુ લઢાવતો શું બોલેછે મને કાંઇક અત્રે કાંઇક સમજાવેછે. શ્રી હરિદ્વારમાં મારે તે શું કરવું) નારદજી, આ બાબતના ગુન્હેગાર તમો ખરાકે નહિ?

નારદ-હરિ હરિ, મેં તમોને તેઓને રોકી રાખવાનું જણાવ્યું હતું કે? હે દેવાધીપતી તમારૂ સ્વાર્થમય મન શુધ્ધતાને પ્રાપ્ત કરો ને તેઓને વિદાય કરી જશ લ્યો

(હિન્દમાતાનું પ્રગટ થવું અને ફરીયાદ જણાવવી)

હિન્દદેવીની ફરિયાદ.

હિન્દમાતા— **દોહરો.**

" સુજ્ઞ જગત સરકાર શ્રી વિદ્યમાન ફરિયાદ,
" અખિલ હિન્દની અરજએ સુણો અમારી દાદ.

હરીગીત છંદ.

" ફરિયાદિ નંબર એકમાંછે, હિન્દ સઘળો જાણજો,
" આરોપી નંબર એકમાંછે, ઇંદ્ર તે ઉર આણજો;
" તરશ્યો તળાવેને વિવાહે, થાયછે જયાં ત્યાં ઉણો,
" ફરિયાદ છે ફરિયાદ છે, શ્રીજગતના સ્વામી સુણો.
" ઇર્ષાળુ છે હંમેશનો તે, આપ કયાં નથી જાણતા,
" ત્યારે મરાવ્યો કામ તપની, મજા શંકર માણતા;
" સંતાય કારજ સાધવા તે, ખોળિ કાઢીને ખુણો,
" ફરિયાદ છે ફરિયાદ છે, શ્રીજગતના સ્વામી સુણો.
" મ્હેતા મહાન પીરોજશા, દાદા અને સર ગોખલે,
" મિજમાન કરિ લીધા ન, આપ્યા પરતચાવે ચોખલે;
" એવા અવર તેના વિષે તો, દિસે ઝાઝા દુર્ગુણો,
" ફરિયાદ છે ફરિયાદ છે, શ્રીજગતના સ્વામી સુણો,

" સિંહસ્થ કેરી ધ્વજાને, મિષ તિલકને તેડું કર્યું,
" મિજમાન કેમ ન મોકલે? તે કામ તો તેનું સર્યું;
" ચુકવાવજો કરિ ન્યાય, અમને તે તણાં જે જે રૂણો,
" ફરિયાદ છે ફરિયાદ છે, શ્રી જગતના સ્વામી સુણો.

અદલ ન્યાય.

હિન્દમાતા—હે જગતપતી ! મ્હારી આ ફરીયાદ ધ્યાનમાં લઈ અદલ ન્યાય આપો.

(હિન્દદેવીના પ્રગટવાથી દરેક દેવો તથા વિષ્ણુ તેના તરફ એકી નજરે જોઇ રહ્યા છે.)

વિષ્ણુ—દેવી ધીરજ ધરો, તમોને મારા દરબારમાંથી ન્યાય મળશે. (ઇન્દ્ર તરફ જોઇ) સ્વર્ગપતી રાજા ઇંદ્ર ત્હમારા ઉપરની આ ફરીયાદ સાંભળી, બોલો તમોને શું વાંધો છે. ત્હમારા મકમ વિચારથી આ દેવીને દુખી કરવાનું ત્હમોને શું સાર્થક છે ?

ઇંદ્ર—હે પ્રભુ ! મ્હને દોષપાત્ર ના ઠરાવશો. મ્હારી જરાપણ કસુર નથી. મહારાજ શ્રી લો. મા. તિલકને અત્રે દેવમાન્ય ઠરાવી રાખેલા છે. તેઓને પાછા લો૦ મા. તરીકે નરલોકમાં મોકલવા તેમાં મ્હારૂં અપમાન સમજું છું.

વિષ્ણુ—રાજા ઇંદ્ર ! ત્હમારૂં માનવું મિથ્યા છે. જુઓ મારા તરફ. સર્વ સ્થળે હુંજ વ્યાપી રહ્યો છું. માનાપમાન કોને છે ? ત્હમારો ખોટો વિચાર કાઢી નાંખો, પણ સગુર. (તિલક તરફ જોઇ) દેવમાન્ય તિલક આપ પરત જવા ખુશી છો ? યા અત્રે ઇંદ્ર પાસે રહેવા રાજી છો.

તિલક—હે પરમાત્મન્ ! મ્હારી હિન્દ દેવીને નીરખી મ્હારૂં હૃદય ઘણુંજ મુંઝાય છે. મારા દેશની શું સ્થીતી હશે કે દેવીને અત્રે સુધી લંબાવું પડયું છે. કેશવ ! મ્હને બને તેમ છુટો કરો તો હું હિન્દ પરત જાઉં. મ્હારા હસ્તકનો કારભાર હજુ કેટલોક બાકી છે. મ્હારા દેશી બંધુઓને હું કહેતો આવ્યો છું કે મ્હારા હસ્તકનું બાકી કામ હું પાછો આવી સંભાળી લઇશ. મ્હારા દેશી ભાઇઓની સેવા બજાવવામાં હું મારૂં અહોભાગ્ય સમજું છું. ઈંદ્રરાજાના તરફથી મળેલા માન કરતાં મ્હારા દેશની નોકરી બજાવવી અતી ઉત્તમ સમજું છું. મ્હારો આ દેહ દેશ માટે અર્પણ કરેલો છે. મ્હારા વિચારો મ્હારા દેશી બંધુઓના હૃદયમાં ઠસાવી, તેઓની નસોનસમાં ઉતારી એકેક રૂંવાટે પ્રગટ કરીશ ત્યારેજ હું મુક્તીએ પહોંચીશ-જ્યારે મ્હારા બંધુઓ ઘરનો કારભાર કરવાને સમજી પોતાના ઘરનો વહીવટ પોતાના હસ્તે ચલાવતો જોઇશ. ત્યારેજ હું મુક્તીએ પહોંચીશ. હે દીનાનાથ ! મ્હારા દેશી બંધુઓ મ્હારા વિચારો, ઉપદેશોનું

અનુકરણ કરશે તો મ્હારા જેવા કેટલાક તિલક તમો સ્વર્ગ-લોકમાં જોશો. તો હે પ્રભુ ! મ્હને જવા આજ્ઞા ફરમાવો,

વિષ્ણુ—દેવાધિપતી ઇંદ્ર ! સાંભળ્યું, ત્હારા દેવમાન્ય તિલક અત્રે રહેવા કરતાં નરલોકમાંની ભારત ભુમીમાં રહેવા ઉત્તમ ગણે છે. કહો ત્હમારે કંઇ કહેવું છે ?

ઇંદ્ર—હે જગતના નાથ ! આપ સર્વજ્ઞ વ્યાપી છો, આપની ઇચ્છાનુસાર કરવા આપ શક્તીમાન છો.

વિષ્ણુ—બાળગંગાધર તિલક-ત્હમારી જે વાંચ્છના હોય તે માગો. આપના પરમ કૃત્યથી હું અત્યંત પ્રસન્ન છું.

તિલક—હે પરમાત્મા ! સાંભળો, ને મ્હારા દેશની નડતર દુર કરો. હાલમાં મ્હારા દેશમાં-અલ્પજીવન અને અલ્પ બુદ્ધી, સ્પર્ધા ટુંકી અને ઇર્ષા લાંબી, ઉદ્યોગનો અભાવ અને ભાવ હોય તો ઉત્તેજન ઓછું. વિદ્યા અને કળા કૌશલ્યતા છુપાવવી; હિમ્મત અને સાહસ સાધારણ, આરંભે સુરાતન, મીઠા ઝાડનાંજ મૂળ ખોળવાં, દુધાતણી ફુટી જાય ત્યાં સુધી દોહવું, સિંહની શત્રુતાથી દેડકાંને દઝવવા, પુન્યદાનનો પ્રચાર ઓછો, પાખંડની પૂજા, ધર્મમાં અશ્રધા, ઇષ્ટના ઉપર પગરખાનો પ્રહાર, જૂઠના સમુદ્રમાં સત્ય તેલના ટપકા જેવું વિધી નિષેધનો અવિચાર, જાર જુગારનો વિસ્તાર વસ્તુનું અનિયમિતપણું, કુદરતનું રોકાણ, નીચ દ્રષ્ટી અને નિંદા, વિશ્વાસઘાત અને હિંસા, આ રીતે કાળ વર્તન ચલાવી રહ્યા

છે. તો હે કૃપાનાથ ! મ્હારા દેશનું આ સંકટ નિવારો, કે જેથી મ્હારા બંધુઓના હૃદયમાંથી કાળરૂપે ખોટા વિચારો નાબુદ થઇ શુધ મન બને,

વિષ્ણુ—તથાસ્તુ ! તિલક ત્હારા દેશની દુર્દશા થવામાં કાંઇ મણા રહી નથી. દિવસો હવે સારા જોવા ત્હારો દેશ ભાગ્યશાળી થશે. ત્હારા બંધુઓના હૃદયમાં ઐકયતાની છાપ કાંઇક બેઠેલી છે. સત્યના રસ્તે દોરાઇ વર્ત્તન કરી રહ્યા છે તેજ તેમના ભવિષ્યની શુભ નીશાની છે. (હિન્દદેવી સામું જોઇ) હે દેવી ! ત્હમારી ફરીયાદનો હું હિન્દ પ્રત્યે ચુકાદો વાંચી સંભળાવું છું તે સાંભળો.

હિન્દ પ્રત્યે ચુકાદો.

સ્વર્ગપતી ઇંદ્ર—શ્રીતિલક મહારાજને દેવમાન્ય ઠરાવી પોતાની પાસે હંમેશના માટે રાખવા ઇચ્છા ધરાવી-હિન્દીઓના તથા હિન્દદેવીના દીલ દુખાવ્યાંછે તેના માટે દેવાધીપતી ગુન્હેગારછે. પણ તેઓએ પોતાની ભુલ કબુલ કરી જેથી તેઓને ક્ષમા કરવામાં આવેછે શ્રીતિલક જેવા જીજ્ઞાસુ આગળ વધી શકેછે. આત્મબળથીજ ગીતાનું રહસ્ય હૃદયમાં ઉતારી શકાયછે. અને તેથી કરી મ્હારા સ્વરૂપને ઓળખી આ લોક પામેછે. હે દેવી લો. મા. તિલક થોડાજ સમયમાં હિન્દમાં

પ્રગટ થશે અને ત્હારી રત્નમાળામાં પડેલી ખોટ પુરાશે.

અપ્સરાઓ ફુલની વૃષ્ટી કરે છે અને શ્રીવિષ્ણુ સહદેવો ત્યાંથી પોત પોતાના સ્થાન તરફ જાયછે. ઇન્દ્ર પણ શ્રી તિલક સાથે પોતાના સ્થાન તરફ જવા માંડયા. પરંતુ શ્રી વિષ્ણુએ પોતાનેજ ત્યાં તિલકને મ્હેમાન તરીકે રોકેછે તિલક હિન્દમાં પાછા ફરતાં સુધી વિષ્ણુ ભગવાનનાજ મ્હેમાન થઇ રહેછે.

શ્રી તિલક સાથે હિન્દ દેવી થોડી વાત ચીત કરી અંતરધ્યાન થઇ જાયછે.—મુંબઇ નગરમાં ચોપાટી ઉપર સમુદ્રના તટ ઉપર, આકાશ તરફ દ્રષ્ટી નાંખી, બે હાથ જોડી, એક વ્યક્તી ઇશ્વર સ્તુતી કરેછે. તેના હૃદયમાં વિચારોનો ઉભરો ભરાઇ આવ્યાથી ઉદગારો કાઢવા શરૂ કરેછે કે હે ભારતભુમીના વીરપુત્ર! તું આવ! કયાં લોપ થઇ ગયો. અત્રેથી વિદાય થતાં શું કહ્યું હતું? હું થોડા દિનમાં પાછો આવીશ. તેનું તમારૂં કહેવું નહોતું? જ્યારે તમોએ કહ્યુંછે તો કેમ આવ્યા નહિં, (આ ઉદગારો કરતી વ્યકતીને તેના ચિત્તભ્રમપણે બોલતાં જોઇ આજુબાજુ ફરતા દેશી બંધુઓ તેની આશપાસ વિંટળાઇ ગયા દેશના ગુમ થયેલા હિરાને સંબોધીનેજ આ વ્યકતી બોલેછે તેવું જાણવાથી દરેકની આંખમાંથી અશ્રુની ધારા વહેવા લાગી) હે લો. મા. તિલક ત્હારા સ્થુળ દેહની સ્મશાન ભુમીની પવીત્ર ભસ્મનુ લલાટે તિલક કરી, તિલક તિલક એ નામની માળા ફેરવી, હમેશા ત્હારૂ સ્મરણ કરૂંછું તો

હે તિલક તું કેમ દેખાડ દેતો નથી? શું આ લઘુભ્રાતાથી રીસાણોછે? એમ નકર, આવ, આવ!

(લગભગ સાંજના સાતથી આઠના મધ્યેનો સુમારછે આ વ્યકતીનું કરૂણાજનક બોલવું ભલભલાનાં હૃદય ભેદી નાંખે તેમ હતું કાંઇક ગેબી અવાજ આવ્યો કે વ્યકતી સચેત થઇને એક ધ્યાને તે અવાજ તરફ પોતાના શ્રોણ ધરી ઉભા.

ગેબી અવાજ

સાખી

" મિજમાની માંણે રહ્યા, શ્રી હરિ તણી હજુર
" લોકમાન્ય શ્રીતિલક અહિં થાશે પ્રગટ જરૂર

આ ગેબી અવાજ સાંભળી દરેકના હૃદયો પ્રફુલીત થાયછે અને જગતનિયંતાની એક મનથી સ્તુતી કરેછે.

(દુઃખહરો દ્વારિકાનાથ શરણમે તેરી-રાહ)

" જય પ્રણુત પાળ બાહુ, વિશાળ પ્રભુ પ્યારા,
" જય નારાયણ દશ મુખ્ય, રૂપ ધરનારા.
" ધરિ દેહમીન દિનબંધુ, દમન મધુમાનં
" પ્રથ્વી ધરિ દાઢ વરાહ, રૂપ ભગવાનં-
" ધરિ પીઠ ધરાં જય કમઠ, રૂપ કરનારા.
" જય નારાયણ દશ મુખ્ય, રૂપ ધરનારા.-
" નરસીંહ રૂપ પ્રહેલાદ, તમેજ ઊગાર્યો
" વામન સ્વરૂપથી બળિનો, સુજશ વધાર્યો

" નક્ષત્રિ ધરાજય, પરશુરામ., કરનારા.
" જય નારાયણ દશ મુખ્ય રૂપ ધરનારા–
" જય રાવણારિ રઘુવીર, ઇષ્ટ જગસ્વામી
" કંસારિ કન્હૈયા, રસિક રાસરસ ગામી–
" જય બુધ્ધ બુધ્ધ જય, કલકિ યવન હરનારા
" જય નારાયણ દશ મુખ્ય રૂપ ધરનારા–

–સંવત્સર–

દોહરો; ઓગણિસો છોતેરનો, બીજો શ્રાવણ માસ?
સુકલ પક્ષ એકમ રવી, પુરણ ગ્રંથ પ્રકાસ?

(સમાપ્ત)

વાંચક વર્ગને વિજ્ઞપ્તી.

આધુનિક નૉવેલો અને કાવ્યો વાંચી વાંચીને કદાચ્ આપ મહેરબાનોએ કિમતી વખતનો ઉપયોગ કર્યો તો હશેજ પરંતુ આ તરફ્ પણ આપની દિર્ઘ દ્રષ્ટીને જરૂર આવવા દેશો. તૈયાર છે થોડાજ વખતમાં પ્રસિદ્ધ થશે અમારો **"અવકાશે આરામ"** એ નામનો ગ્રંથ, જેમાં ૧૦૮ નૈતિક વિષયો દ્રષ્ટાંત સિદ્ધાંત સાથે મનોહર રસમય ગુર્જરકાવ્ય વાર્તા મિશ્રિત છે અગાઉથી ગ્રાહક થવા નામ નોંધાવો.—

પ્રકાશક.